# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૪/૩/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સીઇઓ)

---

## ‘વિશ્વ મહિલા દિવસ’ની ઉજવણીના ભાગરૂપે ચેમ્બરમાં લેડીઝ વીંગ દ્વારા સફળ મહિલાઓની કાર્યગાથા વર્ણવી મહિલાઓને પ્રોત્સાહિત કરાઇ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની લેડીઝ વીગ દ્વારા ‘વિશ્વ મહિલા દિવસ’ની ઉજવણીના ભાગરૂપે ગત ૯મી માર્ચ ૨૦૧૯ના રોજ વિવિધ ક્ષેત્રમાં કાર્યરત અને સફળ થયેલી મહિલાઓની કાર્યગાથા વિશે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભારતની પરમાણુ સહેલી ડો. નિલમ ગોયલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા ડો. શરીફાબેન વીજળીવાળા અને અર્બન હેલ્થ એન્ડ કલાયમેટ રેસીલીયન્સ સેન્ટર ઓફ એકસીલન્સના માનદ્ ટેકનીકલ ડાયરેકટર ડો. વિકાસબેન દેસાઇએ પોતાની કાર્યગાથા વર્ણવી મહિલાઓને જીવનમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, ઘણા સેકટરમાં મહિલાઓ આગળ છે પણ એવા સેકટર ઓછા છે. નારીમાં અનંત શકિત છે તેને બહાર લાવવા માટે પ્રયાસ કરવો જોઇએ.

ડો. નિલમ ગોયલે જણાવ્યુ હતુ કે, એટોમીક એનર્જી ૯૦૦ વર્ષ સુધી ત્રણ હજાર યુનિટ દરેક વ્યકિતને આપી શકે છે. પણ એના માટે વિશાળ પાયે છ લાખ મેગાવોટ પાવર પ્લાન્ટ લગાવવો પડશે. આ બધી વાતો મારા મગજમાં ચાલતી હતી એટલે વર્ષ ૨૦૧૧માં નોકરી છોડીને લોકોમાં અવેરનેસ લાવવા માટેનું કાર્ય શરૂ કર્યુ હતુ. હરીયાણા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત અને તમિલનાડુમાં સેમિનાર કરીને લોકો સુધી માહિતી પહોંચાડી તેઓને જાગૃત કરવાનો પ્રયાસ કર્યો હતો. ગુજરાત અને રાજસ્થાનમાં બબ્બે કરોડ લોકોને સરકારની જળ અને વીજળી સહિતની વિવિધ યોજનાઓ વિશે જાગૃત કરવાના છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે નારી એ દુર્ગા, સરસ્વતિ અને લક્ષ્મીનુ સ્વરૂપ છે. ઘરથી બહાર નીકળે એટલે દુર્ગા છે. જ્ઞાન હાંસલ કરે એટલે સરસ્વતિ છે. ઘર, સમાજ અને અર્થની સાધક બને તો લક્ષ્મી હોય છે. નારીમાં હવે જ્ઞાન અને વિજ્ઞાનની ક્રાંતિ આવી રહી છે.

ડો. શરીફાબેન વીજળીવાળાએ જણાવ્યુ હતુ કે, જયાં સુધી સમાજની માનસિકતા નહી બદલાય તેમજ પુરુષ અને સ્ત્રી એકબીજાને સમાન સમજતા નહી થાય ત્યાં સુધી સ્ત્રી – પુરુષ વચ્ચેની અસમાનતાના પ્રશ્નનું નિરાકરણ નહી આવે. આપણે અત્યારે સમાનતાની વાતો કરીએ છીએ પણ હજી સુધી સમાજ ત્યાં સુધી પહોંચ્યો નથી.

ડો. વિકાસબેન દેસાઇએ જણાવ્યુ હતુ કે, સ્ત્રીઓ જ માતાનું ઘર છોડીને સાસરે જઇ શકે છે. ભગવાને એનામાં જ એટલી હિંમત આપેલી હોય છે. ભણતરમાં સ્ત્રીઓ ૮૦ ટકા જેટલી પહોંચી છે પણ હજી જોઇએ તેટલી ગણી નથી. મહિલાઓ માટે એટલુ કહીશ કે હિંમત, કામ કરવાની દાનત અને કામ કરવા માટેની સ્વતંત્રતા હોવી જોઇએ.

આ સમારોહમાં લેડીઝ વીગની બહેનો તેમજ ચેમ્બરની મહિલા કર્મચારીઓનો સન્માન કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ચેમ્બરની લેડીઝ વીગના ચેરપર્સન શ્રીમતી ઉષાબેન શાહ, ભુતપુર્વ સેક્રેટરી શ્રીમતી સ્વાતીબેન શેઠવાલા તથા સભ્યો શ્રીમતી જયોતિ લાલવાલા, શ્રીમતી જાગૃતિ પુનાવાલા અને શ્રીમતી રૂપલ દલાલે પ્રાસંગિક વિધી કરી હતી. લેડીઝ વીગના કો – ચેરપર્સન શ્રીમતી પુર્વીબેન મહેતાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સમારોહનું સમાપન થયુ હતુ.